ગાંધીનગર સમાચાર



ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળઆમાં બુધવારે ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં શાળાના પૂર્વ વિદ્યાર્થી અને હાલ મસૂરી ખાતે આઈએએસ ટ્રેનિંગ લઈ રહેલા સિદ્ધાર્થસિંહ જી રાઠોરને વિદ્યાર્થી-વાલી સપોર્ટ કાર્યક્રમ હેઠળ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે બાળકોને કારકિર્દીલક્ષી માર્ગદર્શન વિગતે પૂરું પાડ્યું હતું. સનદી સેવાની પરીક્ષાનું માળખું, અભ્યાસક્રમ, તે માટે કઈ કઈ તૈયારી કરવી વગેરે બાબતો તેમણે વિદ્યાર્થીઓને સમજાવી હતી. તેમણે આ અંગેના પોતાના અનુભવો પણ વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો તેમણે પાઠવ્યા હતા. શાળા પરિવાર વતી સુપરવાઈઝર અશોકભાઈ પટેલ, કેતનભાઈ પટેલ અને પ્રકાશભાઈ પટેલે તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# સરસ્વતી ઈન્સ્ટીટ્યુટમાં સફળ પ્લેસમેન્ટ ડ્રાઈવ



સરસ્વતી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીઝમાં મેડિટેબ સોફ્ટવેર પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭ વિદ્યાર્થિનીઓને ૨.૨૨ લાખના પૅકેજ સાથે જૉબ ઑફર કરવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડૉ. એસ કે શાહે આ માહિતી આપતાં જણાવ્યું હતું કે જિતેન્દ્ર શર્મા, કલ્પેશ યાદવ, સુનદીપ રાજપૂત, રશ્મિ શુક્લા, મૈત્રી ભટ્ટ, ટ્વિંકલ પટેલ, ઉર્જા શાહને આ જૉબ ઑફર કરવામાં આવી હતી.

# સર્વ વિદ્યાલય સંલગ્ન શાળા-મહાશાળાઓ દ્વારા મહિલા દિવસની ઉજવણી




ગાંધીનગર, તા.૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળા, કૉલેજની બહેનોને પ્રોત્સાહન મળી રહે તેમજ મહિલા સશક્તિકરણમાં વધારો થાય તે હેતુથી વુમન ડેવલપમેન્ટ સેલના ચેરપર્સન પ્રૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ પટેલે દરેક મહિલાને શુભેચ્છા સંદેશ આપી તેમને વધુ પ્રગતિ માટે શુભકામના પાઠવી હતી.

વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા મહિલા દિન નિમિત્તે કેએસવી ગાંધીનગરનાં સ્ટાફબહેનો માટે વિવિધ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. એસવીકેએમ ગાંધીનગરનાં ૬૫૦ બહેનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં, જે પૈકી ૨૫૦ બહેનોએ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. સામાજિક, આર્થિક અને શારીરિક રીતે સંઘર્ષ કરીને દિન-પ્રતિદિન આગળ વધી રહી હોય તેવી વિદ્યાર્થિનીઓને મહિલા ઍવોર્ડથી દર વર્ષે સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે બીબીએ કૉલેજની વિદ્યાર્થિની રીતુને સંસ્થા તરફથી ઍવોર્ડ અને રૂા. ૨૫ હજારનો ચૅક અર્પણ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં દાતા પ્રભાબેન પટેલ, ધારાબેન પટેલ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ડિરેક્ટર ગાર્ગીબેન રાજપરા ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનાં સંયોજક તરીકે ડૉ. સુનિતાબેન લીલાણીએ જવાબદારી અદા કરી હતી. ડૉ. શિવાનીએ સંસ્થા પરિવાર વતી આભારની લાગણી પ્રગટ કરી હતી.

## પીજી-યુજી મેડિકલ પ્રવેશ હેતુ ડોક્યુમેન્ટ્સ ચકાસણી માટે ઍપોઈન્ટમેન્ટ સિસ્ટમ અમલી

ગાંધીનગર, તા. ૧૪

પોસ્ટ અને અન્ડર ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે સમિતિ દ્વારા કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવા છતાં વિદ્યાર્થીઓ-વાલીઓ દ્વારા પીન લેવામાં ભારે ધસારો જોવામાં આવ્યો હતો. પીનના આધારે રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ હેલ્પસેન્ટર પર ડોક્યુમેન્ટ્સની ચકાસણી માટે જવા સુધીની તમામ પ્રક્રિયામાં ભારે હાડમારી ભોગવવી પડતી હતી. આ કારણે પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન પ્રક્રિયા અંતર્ગત પીન લેવા અને ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે ટોકન સિસ્ટમ અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સિસ્ટમ મુજબ હવે વિદ્યાર્થીએ ઘેરબેઠા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવાની રહેશે. પ્રવેશ સમિતિ દ્વારા હેલ્પસેન્ટરનાં નામો જાહેર કરવામાં આવ્યાં છે. આ પૈકી કયા હેલ્પ સેન્ટર પર વિદ્યાર્થીએ કયા દિવસે, કયા સમયે જવું છે તેની અગાઉથી એપોઈન્ટમેન્ટ મેળવવાની રહેશે. વિદ્યાર્થીએ માગેલો સમય અનુકૂળ હશે તો સમિતિ દ્વારા એપોઈન્ટમેન્ટ આપી દેવામાં આવશે. હેલ્પસેન્ટર પર વિદ્યાર્થીઓનો ધસારો ન થાય અને સમિતિ તથા વિદ્યાર્થીઓનો પણ સમય બચે તે હેતુસર આ આયોજન કરવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



પી એમ પરમાર
મો. ૯૪૨૭૩ ૧૪૩૬૬



મંગળદાસ કે પટેલ
મો. ૮૩૨૦૦ ૯૪૭૮૮



નિકુંજ ભરતભાઈ જાની

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગણપત યુનિવર્સિટી ખાતે યુવક મહોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૪

ગણપત યુનિવર્સિટીની વિવિધ શાખાઓની ૧૨ કોલેજોદ્વારા ૯મા યુથ ફેસ્ટિવલ 'સતરંગ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય સાંસ્કૃતિક મહોત્સવમાં ૧૬ જેટલી ઈવેન્ટ્સ યોજાઈ હતી, જેમાં ૩૨૧ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા પોતાનાં કલાકૌશલની અભિવ્યક્તિ કરવામાં આવી હતી.

સતરંગના ઉદ્ઘાટન સમારોહમાં એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અને ચેન્નાઈની એસઆરએમ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના વાઈસ ચાન્સેલર ડૉ. સંદીપ સંચેતી, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, ગુજરાતના સુપ્રતિષ્ઠિત ગાયક કલાકાર સંજય ઓઝા, ડૉ. પાર્થ ઓઝા, ડિરેક્ટર જનરલ પ્રૉ. ડૉ. મહેન્દ્ર શર્મા, એઆઈયુના ડેપ્યુટી ડિરેક્ટર અમરેન્દ્ર યાની, આસિ. ડિરેક્ટર ડૉ. ઉષા રાય નેગી, ગણપત યુનિ.ના બોર્ડ મેમ્બર આનંદ પટેલ, ડેપ્યુટી ડિરેક્ટર આર કે પટેલ, રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ અને સતરંગના મુખ્ય સંયોજક ડૉ. ચિરાગ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અમેરિકાની પ્રભુ એનર્જી લેબના ફાઉન્ડર એડન પ્રભુ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# હનુમંત સંગીત મહોત્સવ અને અસ્મિતાપર્વ ૧૫થી ૧૯મી એપ્રિલ દરમિયાન યોજાશે

## ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે નાટ્યપ્રસ્તુતિ, સાહિત્ય સંગોષ્ઠિ, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત-નૃત્ય મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

શ્રી હનુમાન જયંતી, ૨૦૧૯ અંતર્ગત હનુમાન સંગીત મહોત્સવ-૪૫૨ અને અસ્મિતા પર્વ-૪૨ તા. ૧૫મી એપ્રિલથી ૧૯મી એપ્રિલ સુધી ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે યોજાશે, જેમાં નાટ્યપ્રસ્તુતિ, સાહિત્ય સંગોષ્ઠિ, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત-નૃત્ય મહોત્સવ યોજાશે.

તા. ૧૫મી એપ્રિલના રોજ ઈન્ડિયા ટીવીના ચેરમેન રજત શર્મા સાથે મુખોમુખ સંવાદ યોજાશે, સંયોજન સૌરભ શાહ કરશે. રાત્રે રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર' રચિત નાટક ભજવાશે. તા. ૧૬મીએ સવારે કવિ કર્મ પ્રતિષ્ઠા અને કાવ્યપાઠ યોજાશે, જેનું સંયોજન અજયસિંહ ચૌહાણ કરશે. ધ્વનિલ પારેખ - જવાહર બક્ષીની કવિતા વિશે, નીતિન વડગામાની કવિતા વિશે રાજેશ વ્યાસ મિસ્કીન વક્તવ્ય આપશે.

સાંજની સભામાં લોકકુળનું સાહિત્ય વિશે રમેશ મહેતા, આદિવાસી કુળનું સાહિત્ય વિશે આશા ગોહિલ અને વિચરતી જાતિઓના કુળનું સાહિત્ય વિશે રાજેશ મકવાણા વક્તવ્ય આપશે.

રાત્રે ૮થી ૧૦.૩૦ દરમિયાન શાસ્ત્રીય વાદ્યસંગીત કાર્યક્રમ ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે યોજાશે. પં. રોનુ મજુમદાર બાંસુરીવાદન, પં. સત્યજિત તલવલકર તબલાંવાદન, પં. વિશ્વમોહન ભટ્ટ મોહનવીણા અને પં. રામકુમાર મિશ્ર તબલાંવાદન કરશે.

તા. ૧૭ એપ્રિલના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન અનુ-આધુનિક ગુજરાતી સાહિત્ય વિષયે સંયોજક નીતિન વડગામાના સંયોજનમાં સત્ર યોજાશે. કવિતા વિષયે અજયસિંહ ચૌહાણ, ટૂંકી વાર્તા વિશે દર્શિની દાદાવાલા અને નાટક વિશે મહેન્દ્રસિંહ પરમાર વક્તવ્ય આપશે.

બપોરની સંગોષ્ઠિમાં ફિલ્મકળાના આયામો ચર્ચાશે. ભરત યાજ્ઞિકના સત્રસંયોજનમાં હર્ષ બ્રહ્મભટ્ટ કવિતા વિશે, સલીલ દલાલ સંગીત વિશે અને અમૃત ગંગર દિગ્દર્શન વિશે વક્તવ્ય આપશે.

રાત્રિ કાર્યક્રમમાં શાસ્ત્રીય નૃત્ય અને તાલકચેરી રામવાડી, તલગાજરડા ખાતે પ્રસ્તુત થશે. ગૌરી દિવાકર કથક અને ઉસ્તાદ તૌફિક કુરેશી તથા સાથીઓ તાલકચેરી રજૂ કરશે.

૧૮મીએ પ્રથમ સંગોષ્ઠીમાં સીમાડાના વનસંરક્ષકો વિષય અંતર્ગત ભૂમિદળ વિશે મેજર જનરલ રણધીર સિંગ, વાયુદળ વિશે વાઈસ એર માર્શલ એસ પી સિંગ અને નૌકાદળ વિશે કેપ્ટન મોહન એન સાવંત વાત કરશે. કાવ્યાયન અંતર્ગત કવયિત્રી રાધિકા પટેલ, શબનમ ખોડા, ગોપાલી બુચ, હર્ષિદા ત્રિવેદી, રક્ષા શુક્લ, પ્રિયંકા જોશી, પારુલ બારોટ અને જિજ્ઞા મહેતા કાવ્યપઠન કરશે.

રાત્રિ કાર્યક્રમમાં શાસ્ત્રીય નૃત્ય અને કંઠ્ય સંગીત રામવાડી, તલગાજરડા ખાતે યોજાશે. જેમાં ડૉ. રાજા અને રાધા રેડ્ડી કુચીપુડી નૃત્ય તથા પં. વેંકટેશકુમાર કંઠ્યસંગીત પ્રસ્તુત કરશે.

૧૯મી એપ્રિલના રોજ હનુમાન જયંતિ એવોર્ડ સમારોહ પણ યોજવામાં આવશે. આ કાર્યક્રમ સવારે ૯ કલાકે ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે યોજવામાં આવ્યો છે.

# પત્રકાર ગાંધીજી





ગમે તેવી ધીમી તો પણ શાંતિ જાળવનારી હિલચાલ એક તરફથી થઈ રહી હતી, ત્યારે બીજી તરફથી સરકારની દમનનીતિ પુરજોરમાં ચાલી રહી હતી. પંજાબમાં તેની અસરનો સાક્ષાત્કાર થયો. ત્યાં લશ્કરી કાયદો એટલે જોહુકમી શરૂ થઈ. આગેવાનોને પકડ્યા. ખાસ અદાલતો તે અદાલતો નહોતી, પણ એક સૂબાનો હુકમ ઉઠાવનારી વસ્તુ થઈ હતી. તેણે પુરાવા પ્રમાણ વિના સજાઓ કરી. લશ્કરી સિપાહીઓએ નિર્દોષ લોકોને કીડાની જેમ પેટે ચલાવ્યા. આની આગળ જલિયાંવાલા બાગની ઘોર કતલ તો મારી આગળ કંઈ વિસાતની નહોતી, જો કે પ્રજાનું અને દુનિયાનું ધ્યાન તો એ કતલે જ ખેંચ્યું.

પંજાબમાં ગમે તેમ કરીને પ્રવેશ કરવાનું મારી ઉપર દબાણ થયું. મેં વાઈસરૉયને કાગળો લખ્યા, તાર કર્યા, પણ પરવાનગી ન મળે. પરવાનગી વિના જાઉં એટલે અંદર તો જવાય નહીં, પણ માત્ર સવિનય ભંગ કર્યાનો સંતોષ મળે. આ ધર્મસંકટમાં મારે શું કરવું એ વિકટ પ્રશ્ન મારી પાસે આવી પડ્યો. હું મનાઈહુકમનો અનાદર કરીને પ્રવેશ કરું તો તે વિનયી અનાદર ન ગણાય, એમ મને લાગ્યું. શાંતિની જે પ્રતીતિ હું ઈચ્છતો હતો તે હજુ મને નહોતી થઈ. પંજાબની નાદિરશાહીએ લોકોની અશાંત વૃત્તિને વધારી હતી. આવે સમયે મારો કાનૂનભંગ બળતામાં ઘી હોમવા જેવો થાય એમ મને લાગ્યું, ને મેં સહસા પંજાબમાં પ્રવેશ કરવાની સૂચનાને માન ન આપ્યું. આ નિર્ણય મારે સારુ કડવો ઘૂંટડો હતો. રોજ પંજાબથી ગેરઈન્સાફના ખબર આવે, ને રોજ મારે તે સાંભળવા ને દાંત પીસી બેસી રહેવું!

આટલામાં મિ. હૉનિમૅન, જેમણે 'ક્રૉનિકલ'ને એક પ્રચંડ શક્તિ બનાવી મૂક્યું હતું, તેમને પ્રજાને સૂતી મૂકી સરકાર ચોરી ગઈ. આ ચોરીમાં જે ગંદકી હતી તેની બદબો મને હજુયે આવ્યાં કરે છે. હું જાણું છું કે મિ. હૉનિમૅન અંધાધૂંધી નહોતા ઈચ્છતા. મેં સત્યાગ્રહ સમિતિની સલાહ વિના પંજાબ સરકારના હુકમનો ભંગ કર્યો તે તેમને નહોતું ગમ્યું. સવિનય ભંગ મુલતવી રાખ્યો તેમાં તે પૂરા સંમત થયા હતા. મુલતવી રાખવાનો ઈરાદો મેં પ્રગટ કર્યો તેના પહેલાં જ મુલતવી રાખવાની સલાહનો તેમનો કાગળ મને મોકલાયો હતો, તે મારો ઈરાદો પ્રગટ થયા અછી અમદાવાદ ને મુંબઈ વચ્ચેના અંતરને લીધે મને મળી શક્યો. એટલે તેમના દેશનિકાલથી મને જેટલું આશ્ચર્ય થયું તેટલું જ દુઃખ થયું.

આમ થવાથી 'ક્રૉનિકલ'ના વ્યવસ્થાપકોએ તે ચલાવવાનો બોજો મારી ઉપર મૂક્યો. મિ. બ્રેલ્વી તો હતા જ, એટલે મારે બહુ કરવાપણું નહોતું રહેતું. છતાં મારા સ્વભાવ પ્રમાણે મારે આ જવાબદારી બહુ થઈ પડી હતી. પણ મારે તે જવાબદારી લાંબો સમય વેઠવી ન પડી. સરકારની મહેરબાનીથી તે બંધ થયું.

જેઓ 'ક્રૉનિકલ'ના વહીવટમાં કર્તાહર્તા હતા તેઓ જ 'યંગ ઈંડિયા'ના વહીવટ ઉપર અંકુશ રાખતા — ઉમર સોબાની અને શંકરલાલ બૅંકર. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# હાશ ! ગણિતનું પેપર સહેલું નીકળ્યું ! હવે શાંતિ !

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં મંગળવારે ધો.૧૦નું ગણિતનું પેપર ખૂબ જ સરળ રહેતા વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. આ પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓમાં ગણિતનો હાઉ દૂર થશે અને એ ગ્રૂપ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધશે તેમ નિષ્ણાતો માની રહ્યા છે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રનું પેપર સરળ અને લેન્ધી હતું. બોર્ડ દ્વારા જાહેર કરાયેલી બ્લૂ પ્રિન્ટ મુજબ ન હોવાનું પણ નિષ્ણાતોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ધો.૧૦નું ગણિતનું પેપર ખૂબ જ સરળ રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો પુસ્તકમાંથી જ સીધા પૂછાયા હતા. જેના પગલે વિદ્યાર્થીઓ આ વખતે ગણિતમાં સારો દેખાવ કરી શકશે તેમ જણાઈ રહ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રનું પેપર સરળ રહ્યું હતું પરંતુ લેન્ધી હોવાથી વિદ્યાર્થીઓ મૂંઝાયા હતા. ઉપરાંત બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી બ્લૂ પ્રિન્ટ મુજબ ન હોવાનું પણ જાણવા મળે છે. બોર્ડની બ્લૂ પ્રિન્ટ મુજબ પાંચ માર્કના પ્રશ્નો ગરીબી, ભારતીય અર્થતંત્રના નૂતન પ્રશ્નો, કૃષિક્ષેત્ર અને વસતિ પ્રકરણમાંથી પૂછાવવા જોઈએ. તેના બદલે આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ તેમજ બેરોજગારી દૂર કરવાના ઉપાયો પ્રકરણમાંથી પૂછાયા હતા. ગણિતના એક શિક્ષકે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, પેપર ખૂબ જ સરળ રહ્યું હતું. મોટા ભાગના પ્રશ્નો ટેક્સબુકમાંથી જ પૂછાયા હતા. પ્રમય, રચના સહિતના પ્રશ્નો પણ પુસ્તક આધારીત હતા. છેલ્લા બે-ત્રણ વર્ષથી ગણિતનું પેપર અઘરું નીકળતું હતું તેની સરખામણીમાં બહુ જ સહેલું પેપર હતું. આ પેપરના લીધે વિદ્યાર્થીઓમાં જે ગણિતનો હાઉ હતો તે દૂર થશે અને એ ગ્રૂપ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધશે. સામાન્ય વિદ્યાર્થીઓ પણ ૭૦ માર્ક આરામથી લાવી શકશે. અન્ય એક શિક્ષકે જણાવ્યું હતું કે, ગણિતનું પેપર સંપૂર્ણ પુસ્તક આધારીત હતું. પાર્ટ એ અને પાર્ટ બી સરળ રહેતા વિદ્યાર્થીઓને રાહત અનુભવી હતી. સેક્શન સીમાં પ્રશ્ન નંબર-૧૩ થોડોક અઘરો હતો. આ વખતનું ગણિતનું પેપર છેલ્લા ચાર વર્ષનું સૌથી સરળ પેપર રહ્યું હતું. હોશિયાર વિદ્યાર્થીઓ સરળતાથી ૯૮થી ૧૦૦ માર્ક લાવી શકશે.

ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૨ સાયન્સમાં મંગળવારે કમ્પ્યૂટરની પરીક્ષા લેવામાં આવી હતી. દરવર્ષની જેમ આ વર્ષે પણ કમ્પ્યૂટરના પેપરમાં અસંખ્ય ભૂલો જોવા મળી હતી. પેપરમાં કુલ ૧૪ જેટલી ભૂલો હતી. જે પૈકી ૧૨ પ્રિન્ટ મિસ્ટેક હતી અને ૨ ભૂલો પેપર સેટરની અજ્ઞાનતાના લીધે થઈ હોવાનું વિષય નિષ્ણાંતો જણાવી રહ્યા છે. ઉપરાંત ટ્રેડમાર્ક વાળા પ્રશ્નમાં બે જવાબ સાચા હતા. પેપરને ટ્વિસ્ટ કરવાના પ્રયાસમાં પેપર સેટર પોતે ટ્વિસ્ટ થઈ ગયા હોય તેમ પેપર જોતા જણાતું હતું. આમ, પ્રિન્ટની ભૂલ અને પેપર સેટરની ભૂલના લીધે વિદ્યાર્થીઓને નુકસાન જવાની શક્યતા છે. બોર્ડની પરીક્ષામાં મંગળવારે ૩૬ કોપી કેસ નોંધાયા હતા. જેમાં ધો.૧૦ના ગણિતના પેપરમાં ૨૨ અને ધો.૧૨ અર્થશાસ્ત્રના પેપરમાં ૧૪ કોપી કેસ નોંધાયા હતા. ગણિતમાં અમદાવાદમાં સાબરમતી ખાતે આવેલી જયભારત વિદ્યાલયમાં એક રિપીટર વિદ્યાર્થી અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં નારાયણગુરૂ વિદ્યાલયમાં પ્રાઈવેટ સ્કૂલની વિદ્યાર્થિની કોપી કરતા પકડાઈ હતી. કચ્છ અને દેવભૂમિ દ્વારકામાં એક-એક ડમી વિદ્યાર્થી પકડાયો હતો. બનાસકાંઠામાં ૨, ભરૂચમાં ૧, રાજકોટમાં ૪, વડોદરામાં ૧, સુરેન્દ્રનગરમાં ૩, પાટણમાં ૨, પોરબંદરમાં ૨ અને ગીરસોમનાથમાં ૧ કોપી કેસ થયો હતો. જ્યારે ધો.૧૨માં ભરૂચમાં ૯, રાજકોટમાં ૩ અને છોટાઉદેપુરમાં ૨ કોપી કેસ થયા હતા.